## પાલનપુર શહેર ઘટક આંગણવાડી કેન્દ્રનો કથળતો જતો વહીવટ

# સેકટર મીટીંગ પાંચ દિવસ અગાઉ બોલાવવા પાછળ વહેતા થયેલા અનેક તર્ક-વિતર્કો

### ૧૪ તારીખે મળેલી મીટીંગમાં ૧૯ તારીખ સુધીનો ડેટા દશાવાર્તા ચકચાર

પાલનપુર, તા. ૧૪

ગુજરાતની ભાજપ સરકારના મહીલા અને બાળ કલ્યાણ વિભાગ ધ્વારા બાળકો તથા ધાત્રી માતાઓને ષોષણક્ષમ આહાર મળી રહેવાની સાથે ભુલકાંઓને ગમ્મત સાથે જ્ઞાન મળી રહે તે હેતુથી શહેરી અને ગ્રામ્યકક્ષાએ આંગણવાડી કેન્દ્રો ચાલી રહયા છે. જોકે, મહીલા અને બાળવિકાસ અધિકારીના નિરંકુશ વહીવટને પગલે સુપરવાઈઝરો મનસ્વી અને આપખુદશાહી દાખવી આંગણવાડી કાર્યકર બહેનો અને તેડાગર બહેનોનું આર્થિક શોષણ કરી માનસિક ત્રાસ આપી રંજાડી રહી હોવાની બુમરાણ મચી છે.

પાલનપુર શહેરની આંગણવાડી કેન્દ્રોની સેકટર મીટીંગ દર મહીનાની આખરમાં ૧૯ કે ૨૦ તારીખે યોજાતી હોય છે. ત્યારે પાલનપુર શહેર સેજાની તુંડમિજાજી અને સી.ડી.પી.ઓની પણ પોતે ''રક્ષા'' કરતી હોવાના ડોળ સાથે તેઓને પણ ખિસ્સામાં લઈને ફરતી હોવાની શેખી મારતી સુપરવાઈઝર ધ્વારા ગઈ કાલે તા.૧૪-૫-૨૦૧૪ના રોજ જામપુરા પ્રાથમિક શાળામાં સેકટર મીટીંગ બોલાવવામાં આવી હતી.જેમાં ૧૯ તારીખ સુધીનો ડેટા એકત્ર કરતા પત્રકો ભરાવવામાં આવ્યા હોવાના અહેવાલ સાંપડયા છે. પાંચ દિવસ અગાઉ મીટીંગ બોલાવીને પાંચ દિવસ પછીનો સ્ટોક એડવાન્સમાં બતાવી આંગણવાડી કેન્દ્રની બહેનોને પણ ખોટું કરવા મજબુર કરવા પાછળ સુપરવાઈઝરના મનમાં કયું ગણિત હશે તે બાબત ચર્ચાસ્પદ બની છે. જોકે, આંગણવાડી કેન્દ્રોની સંચાલિકા અને તેડાગર બહેનોની સાથે ઉધ્ધત વર્તન કરી તેઓનું બીલ પાસ કરવાના નામે તેમનું આર્થિક શોષણ કરી બહેનો પાસે પોતાના ઘરની પણ ગધ્ધા મજુરી કરાવનાર સુપરવાઈઝર બહેનની ''રક્ષા'' કરવા પાછળ સી.ડી.પી.ઓની શું મજબુરી હશે તે બાબત ચર્ચાસ્પદ બની છે.ત્યારે પોતાની મનમાની ચલાવી સેકટર મીટીંગ પાંચ દિવસ અગાઉ બોલાવી પાંચ દિવસનો એડવાન્સ ડેટા બતાવતા પત્રકો ભરાવી ઓનરેકર્ડ ગેરરીતી કરાવનાર સુપરવાઈઝર સામે જીલ્લા પ્રોગામ ઓફીસર આરતીબેન દવે ખુલાસો માંગી શિક્ષાત્મક પગલાં ભરે તેવી લાગણી ખુદ આંગણવાડી બહેનોમાં પ્રવર્તી રહી છે.



કોંગ્રેસના નેતા શક્તિસિંહ ગોહિલે લોકસભાની ચૂંટણી દરમિયાન તાજેતરમાં મુખ્યમંત્રી મોદીની નીચ રાજનીતિના આક્ષેપનો જવાબ આપતા મોઢ મોદી સમાજ વિશે કરેલી કથિત અપમાનજનક ટીપ્પણીનો વિરોધ વ્યક્ત કરતા આજે પાલનપુર ખાતે મોઢ - મોદી સમાજ દ્વારા પ્રાંત અધિકારીને આવેદનપત્ર પાઠવી ન્યાયની ગુહાર લગાવવામાં આવી હતી.
(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

# યુનિક યુ સ્કૂલ ઈડર ખાતે ભવિષ્યના કારકિર્દી વિકલ્પો પર કાર્યશાળા યોજાઈ

ઈડર, તા. ૧૪

યુનિક યુ ઈન્ટરનેશનલ સ્કૂલ, ઈડર પૂર્વ રાષ્ટ્રીય ડૉ. કલામના ઈન્ડિયા વિઝન ૨૦૨૦ થી પ્રેરિત થઈને શરૂ થયેલ વિશિષ્ઠ સ્કૂલ છે. યુનિક યુ બાળકોને ભવિષ્યની જરૂરિયાતોને ધ્યાનમાં લઈને વૈશ્વિક સ્તરે સફળ થવા જરૂરી જ્ઞાન, કોશલ્યો અને અભિગમ પ્રાથમિક કક્ષાએથી જ મળે તેવા પદ્ધતિસરના પ્રયત્નો કરી રહી છે. તાજેતરમાં બાળકો અને વાલીઓ માટે ફ્યુચર કેરીયર્સ અને ફ્યુચર સ્કીલ્સ ઉપર કાર્ય શાળા યોજવામાં આવી હતી.

કેલોરેક્ષ ટીચર્સયુનિવર્સિટીના રજીસ્ટ્રાર ડૉ. શૈલેષ ગુપ્તાએ આગવી શૈલીમાં આવનારા સમય માટેના 'કારકિર્દી વિકલ્પો અને જરૂરી આવડતો' અંગે વિદ્યાર્થીઓ અને વાલીઓને માહિતગાર કર્યા હતા. ટેકનોલોજી અને વૈશ્વિકરણના આ સમયમાં આંતરરાષ્ટ્રીય અનુભવો પ્રાથમિક કક્ષાએથી જ મળે તેવા પ્રયત્નો થવા ખૂબ જ જરૂરી છે. યુનિક યુ ઈન્ટરનેશનલ સ્કૂલ ઈડર ખાતે ગુજરાતી અને અંગ્રેજી માધ્યમ બંને માધ્યમમાં પ્રાથમિક કક્ષાએથી જ ભવિષ્યની કારકિર્દીને ધ્યાનમાં લઈ જરૂરી આંતરરાષ્ટ્રીય અનુભવો, જ્ઞાન તથા કૌશલ્યો વિકસાવવા પદ્ધતિસરના પ્રયત્નો થાય છે.



ડૉ. ગુપ્તાએ આવનારા સમયમાં બોડી પાર્ટ મેકર, સ્પેસ ટુર ઓપરેટર તથા રોબોટિક સર્જરી જેવા અનેક કારકિર્દી વિકલ્પોની વિગતવાર માહિતી આપી હતી. આ સાથે તેમણે ટેકનોલોજી અને ઈંગ્લીશ કમ્યુનિકેશન શીખવા ઉપર ખાસ ભાર આપ્યો હતો. ડૉ. ગુપ્તાએ જણાવ્યા પ્રમાણે હવેના સમયમાં હાયપર્સટેઝ કરતા હાઈ પરફોર્મરને વિકાસની વધુ તકો મળશે. હાઈ પરફોર્મર બનવા માટે તપવું પડશે. સતત શીખવું રહેવું પડશે. દરેક પરિસ્થિતિમાં અનુકુલન સાધવાની કલા વિકસાવવી પડશે.

હાઈ પરફોર્મર બનવા માટે જરૂરી સમજ ડૉ. ગુપ્તાએ પ્રાયોગિક રીતે બાળકો અને વાલીઓને આપી હતી. આ સાથે બાળક અને વાલી સાથે વ્યક્તિગત કાઉન્સેલિંગ પણ ડૉ. ગુપ્તાએ કર્યું હતું. યુનિક યુ સ્કૂલ, ઈડર સિવાયની અન્ય શાળાના વિદ્યાર્થીઓએ તથા વાલીઓએ પણ કાઉન્સેલિંગનો લાભ મેળવ્યો હતો.

યુનિક યુ ઈન્ટરનેશનલ સ્કૂલ બાળકના સર્વાંગી વિકાસ માટે વાલીગણની સક્રિય સહભાગીદારી માટે ખૂબ સજાગ છે. કારકિર્દી વિકલ્પો અને જરૂરી આવડતોની આ કાર્યશાળામાં વાલીઓ સામેલ થતા શાળા, બાળકો, વાલી અને નિષ્ણાત વ્યક્તિઓ એક પ્લેટફોર્મ ઉપર આવ્યા હતા. આ ચારેય આધારસ્તંભોના એક સર્વસામાન્ય પ્લેટફોર્મ આવે છે ત્યારે બાળકના વિકાસની નવી ક્ષિતિજો ખુલતી હોય છે.

યુનિક યુ ઈન્ટરનેશનલ સ્કૂલ ઈડરના આવા પ્રાથમિક કક્ષાએથીજ થતા પ્રયત્નો વિદ્યાર્થીઓની કારકિર્દીના ઘડતરમાં ચોક્કસ પણે મદદરૂપ થશે.



# ખેડબ્રહ્મામાં લગ્નની મોસમ પૂર બહારમાં ખીલતા ટ્રાફીક સમસ્યાથી પ્રજા પરેશાન

ખેડબ્રહ્મા તાલુકામાં લગ્નસરા પૂર બહારમાં છે અને થોડા સમય બાદ વનવાસી લોકોના લગ્નની સિઝન શરૂ થશે તેને લઈ ખેડબ્રહ્મા શહેરમાં ખરીદી માટે મોટી સંખ્યામાં આવતા લોકો પોતાના વાહનો ગમે ત્યાં ખડકી દેતા ટ્રાફીકની સમસ્યા વકરી છે. વેપારીઓ પણ વેપાર વેચવાની લ્હાયમાં ફૂટપાથ પર માલ સામાનનો ખડકલો કરી દેતા ફૂટપાથ દેખાતી જ નથી તેને લઈ ટ્રાફીક શીરદર્દ સમાન થઈ ગયો છે. (તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

## ખેડબ્રહ્મામાં ખૂલ્લેઆમ ક્લેક્ટરના જાહેરનામાનો ભંગ

ખેડબ્રહ્મા, તા. ૧૪

રાજ્યમાં ગુનાહિત પ્રવૃત્તિ અટકાવવા માટે તમામ જિલ્લાના ક્લેક્ટરોએ સુરક્ષાને લઈને જાહેરનામું બહાર પાડ્યું છે. આ જાહેરનામાનો ખેડબ્રહ્મામાં છડેચોક ઉલ્લંઘન થઈ રહ્યું છે. અહીના નાગરિકોએ આ નિયમનું ઉલ્લઘન કરતા તત્ત્વોને પકડી પાડવા માટે માંગ કરી છે. ખેડબ્રહ્મા વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી પરપ્રાંતિય લોકોનો રાફડો ફાટી નિકળ્યો છે. ત્યારે અહીના રહીશો પણ ભાડુ મેળવવાની લાલચમાં આવા પરપ્રાંતિયોને મકાન ભાડે આપતા પહેલા મકાન માલિકે પોલીસને જાણ કરવાની હોય છે. પરંતુ મકાન માલિકો પોતાની મનમાની કરી મકાન ભાડે આપી દે છે.

# ઊંઝામાં ક્રિકેટ મેચ પર સટ્ટો રમાડતા બે સટ્ટોડીયા ઝડપાયા

ઊંઝા, તા. ૧૪

ઊંઝા શહેરમાં છેલ્લા ઘણા વખતથી ક્રિકેટ મેચ આધારિત ધૂમ સટ્ટો ખેલાઈ રહ્યો છે. પોલીસતંત્ર દ્વારા અવારનવાર દરોડાઓ પાડામાં આવે છે. તેમ છતાં કોણ જાણે કેમ આ બદી નેસ્તનાબુદ થતી નથી. ક્રિકેટ સટ્ટાધામો ચાલવા પાછળ કથિત હપ્તારાજ કારણભૂત મનાય છે.

ઊંઝા ખાતે પાટણ રોડ પર આવેલ વિવેકાનંદ નગરમાં ક્રિકેટ મેચ પર સટ્ટો રમાતો હોવાની મળેલી બાતમીના આધારે મહેસાણા જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાંચે દરોડો પાડ્યો હતો. જેમાં આઈ.પી.એલ.ની ટ્વેન્ટી-ટ્વેન્ટી ચેન્નઈ રાજસ્થાન ક્રિકેટ મેચના જીવંત પ્રસારણ પર ફોન મારફતે પોતાના આર્થીક ફાયદા સારૂ હારજીતનો જુગાર રમતા રમાડતા બે શખ્સો હિતેશ અમૃત સુથાર અને સંજય સેંધાજી ઠાકોર બંને રહે ઊંઝાને ઝડપી લઈ સ્થળ પરથી જુગારના સાધનો સહિત રૂ. ૫૮૦૫ની કિંમતનો મુદ્દામાલ કબજે કરી જુગારધારાની કલમ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ફરજ પરના પોલીસકર્મીઓએ દાખવી માનવતા ઈજાગ્રસ્તને તાકીદે રીક્ષામાં સારવાર અર્થે ખસેડ્યો

### પાલનપુરમાં સર્કીટ હાઉસની સામે ટ્રકની ટક્કરે બાઈકચાલકનું સારવાર દરમિયાન મોત

પાલનપુર, તા. ૧૪

પાલનપુર શહેરના આબુ હાઈવે પર સર્કીટ હાઉસ સામે ટ્રક અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં ટ્રકની ટક્કરે આશાસ્પદ બાઈકચાલક યુવાનનું અરેરાટીભર્યું મોત નીપજયું હતું. અકસ્માતને પગલે લોકોના ટોળેટોળાં ઘટના સ્થળે ઉમટી પડ્યા હતા.

પાલનપુર શહેરના આબુ હાઈવે પર સર્કીટ હાઉસની સામેના ભાગમાં જી.ઈ.બી. સર્કલ કચેરીના દરવાજા સામે આબુરોડ તરફથી આવતી ટ્રકે રસ્તો ઓળંગી રહેલા બાઈક ચાલકને અડફેટે લીધો હતો. જેમાં પાલનપુરની નાની બજાર હાથીખાના ચોક પાસે રહેતા ૧૭ વર્ષીય બાઈકચાલક યાસીન ઈલીયાસભાઈ સોલંકીને ગંભીર ઈજાો થઈ હતી. જેને પાલનપુર પશ્ચિમ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા અને હાઈવે એરોમા સર્કલ પર ટ્રાફીક પોઈન્ટ પર ફરજ બજાવતા બે પોલીસકર્મીઓ તાકીદે સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યો હતો. જ્યાં સારવાર દરમિયાન તેનું પ્રાણપંખેરું ઉડી ગયું હતું. લઘુમતી સમુદાયના અભ્યાસ કરતા અને વેકેશનમાં પરિવારને મદદરૂપ થવાના આશયથી ખાનગી નોકરી કરતા નોકરી દરમિયાન આ આશાસ્પદ યુવાનનું અકાળે અવસાન.

# ઉનાળાની કાળઝાળ ગરમીમાં આરોગ્ય માટે ઘાતક પેપ્સી અને ઠંડા પીણાનું ધુમ વેચાણ

ડીસા, તા. ૧૪

બનાસકાંઠા જિલ્લામાં કાળઝાળ ગરમીના માહોલ વચ્ચે હલકી ગુણવત્તા વાળી પેપ્સી અને ઠંડા



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

પીણાનું ધુમ વેચાણ થઈ રહ્યું છે. આરોગ્યને ખતમ કરતા ઠંડા પીણાના વેચાણ પર રોક લગાવવામાં જવાબદાર તંત્ર નિષ્ફળ નિવડ્યું છે.

બનાસકાંઠા જિલ્લામાં તમામ શહેરો અને ગ્રામ્ય વિસ્તારોમાં કાળઝાળ ગરમી વચ્ચે રાહત મેળવવા માટે લોકો પેપ્સી અને ઠંડા પીણાની કંપની કે ગુણવત્તા જોયા વિના આડેધડ તેનો ઉપયોગ કરી રહ્યા છે.

જિલ્લામાં પ્લાસ્ટીકના પાઉચમાં વેચાતી પેપ્સીમાં વપરાતું પાણી જન આરોગ્ય માટે નુકશાન કારક છે. તેમાં વપરાતું કેમિકલ તો નુકશાન કરાક છે. સાથે-સાથે પ્લાસ્ટીક પણ આરોગ્ય માટે નુકશાન કર્તા છે. કલર અને કેમિકલ વાળુ પાણી લાંબા સમય સુધી પ્લાસ્ટીકમાં રહેવાથી તે નુકશાન કારક છે. આ પેપ્સીઓનું સેવન ખાસ કરીને બાળકો કરે છે. એટલે બાળકોમાં ગળાનો દુઃખાવો, શરદી અને તાવ જેવી બિમારીઓ જોવા મળી રહી છે. આ બેથી ત્રણ પેપ્સી આરોગનાર બાળકને ઉપરોક્ત રોગના લક્ષણ જોવા મળે છે. આ પેપ્સીનો ખાસ કરીને જિલ્લાના ગ્રામીણ વિસ્તારમાં ધુમ વેચાણ થઈ રહ્યું છે. ડીસા વિસ્તારમાં રાજપુર, ગવાડી, ધુળિયા કોટ, વેલુનગર, બેકરીકુવા વ્હોળા, આર.ટી.ઓ. ચાર રસ્તા જેવા વિવિધ સ્થળોએ પેપ્સીની ફેકટરીઓ આવેલી છે. આરોગ્યને જોખમી એવી પેપ્સીની ફેકટરીઓમાં જઈ તપાસ કરવાનો સરકારી તંત્રને જાણ કે સમય જ મળતો નથી. બીજી તરફ ઉનાળાની કાળઝાળ ગરમી વચ્ચે ઠંડા પીણાનો રાફડો ફાટ્યો છે તે વિવિધ કંપનીના લેબલો લગાવી માર્કેટમાં ઉતરી પડ્યા છે. ડુપ્લીકેટ અને આરોગ્ય માટે ઘાતક પુરવાર થનાર ઠંડા પીણાની ગુણવત્તા અંગે સવાલો ઉભા થયા છે. ત્યારે જિલ્લામાં ખુલ્લેઆમ વેચાતી પેપ્સીઓ અને આરોગ્ય માટે ઘાતક એવા ઠંડા પીણાઓના સેમ્પલ લઈ તપાસ હાથ ધરવામાં આવે તેવી જાગૃત નાગરીકોની માંગણી છે.

# ઉનાવા ગામે જુગાર રમતા ચાર શખ્સો ઝડપાયા

ઊંઝા, તા. ૧૪

ઊંઝા નજીકના ઉનાવા ગામે દરગાહ પાસેના વલ્લીપુરા વિસ્તારમાં પોલીસે જુગાર અંગે દરોડો પાડી ચાર શખ્સોને પકડી પાડી રૂપિયા ૪૫૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

ઉનાવા ગામે દરગાહ નજીકના વલ્લીપુરા વિસ્તારમાં લીમડાના ઝાડ નીચે કેટલાક ઈસમો જાહેરમાં પોતાના અંગત ફાયદા સરૂ હારજીતનો જુગાર રમતા રમાડતા હોવાની મળેલ હકિકતના આધારે ઊંઝા પોલીસે સાંજના સમયે રેડ કરતાં સ્થળ પરથી ચાર ઈસમો પકડાઈ ગયા હતા.

અત્રેથી પોલીસે રોકડ રકમ તેમજ જુગારના સાધનો મળી કુલ ૪૫૦૦ ની કિંમતનો મુદ્દામાલ કબજે કર્યો હતો. પકડાયેલ ઈસમોમાં સૈયદ અબ્દુલમજીદ ફકીરમીયાં સહિત ચાર જણાઓનો સમાવેશ થાય છે. આ અંગે પોલીસે જુગારધારા અન્વયે ગુનો દાખલ કરી વધુ તપાસ આરંભી છે.

# મતગણતરી કેન્દ્રની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં સેલફોન લઈ જવા પર પ્રતિબંધ

મહેસાણા, તા. ૧૪

લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૧૪ની મતગણતરી શ્રી સુવિધા એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત ગોપાલક વિદ્યાસંકુલ મહેસાણા-બેચરાજી રોડ મું. હેડુવા-રાજગર ખાતે થનાર છે. મતગણતરી કેન્દ્રની અંદર તથા તેની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં કોઈ વ્યક્તિ મોબાઈલ ફોન, સેલ્યુલર ફોન, કોડલેસ ફોન તથા વાયરલેસ સેટ, વોકીટોકી સાથે લઈ જઈ શકશે નહી તેમજ તેનો ઉપયોગ કરી શકશે નહી. ૧૬ મે ૨૦૧૪ના રોજ ૦૦.૦૦ કલાકથી રાત્રીના ૨૦.૦૦ કલાક સુધી કે મતગણતરી પુરી થાય બે માંથી જે વહેલું તે સમય સુધી અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ એસ.જે. પટેલે આદેશનું પાલન કરવા જણાવ્યું છે.

ચૂંટણી કામગીરી માટે ચૂંટણી અધિકારી-મદદનીશ અધિકારી, જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી, પોલીસ સ્ટાફ, અન્ય સુરક્ષા સ્ટાફ, ભારતના ચૂંટણી પંચ દ્વારા અધિકૃત કરેલ અધિકારીશ્રીઓને, જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી તેમજ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી દ્વારા અધિકૃત કરવામાં આવે તેને આ હુકમ લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ કરનાર સામે સાધનો જપ્ત થશે તેમજ ભારતીય દંડ સંહિતાના કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર ગણાશે તેમ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ મહેસાણાની અખબારી યાદીમાં જણાવ્યું છે.

# ડીસા મહા રક્તદાન કેમ્પ યોજાયો

ડીસા, તા. ૧૪

ગોપાલ સેના બનાસકાંઠા ડીસા તેમજ રબારી સમાજના સહયોગથી ડીસા તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘના ચેરમેન અને સહકારી અગ્રણી સ્વ. શ્રી અમરતભાઈ કાળુભાઈ દેસાઈ (દામા)ની પ્રથમ માસિક પૂણ્યતિથી રક્તદાન અને પ્રાર્થના સભાનું આયોજક કરવામાં આવ્યું હતું.

ધી ડીસા તાલુકા સહ.ખ.વે સંઘના ચેરમેન, દામા પંચાયતના પૂર્વ સરપંચ તેમજ બનાસકાંઠા જીલ્લા કોંગ્રેસ માલધારી સેલના પ્રમુખ તેમજ રબારી સમાજના અગ્રણી સ્વ. અમરતભાઈના આકસ્મીક નિધનથી રબારી સમાજ તેમજ અન્ય સમાજોમાં ઘેરા શોકની લાગણી છવાઈ જવા પામી હતી. ત્યારે ગોપાલ સેના બનાસકાંઠા દ્વારા વાયબ્રન્ટ સ્કુલ ડીસા ખાતે તેઓને શ્રધ્ધાંજલી આપવા સારૂં તેઓની પ્રથમ માસિક મહા રક્તદાન કેમ્પ તેમજ પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રાર્થના સભામાં તેઓના કુટુંબીજનો તેમજ ભાઈઓ દશરથભાઈ, પરબતભાઈ તથા નરસિંહભાઈ હાજર રહેલ. તેમજ સામાજીક અગ્રણીઓમાં ડીસાના ગોવાભાઈ રબારી, સંજયભાઈ, માવજીભાઈ દેસાઈ, બાબુભાઈ તાલેગંજ, નરસિંહભાઈ બાઈવાડા, રાજુલબેન દેસાઈ, નાગજીભાઈ, ખેતાભાઈ ઈશ્વરભાઈ મેનેજર, ડી.વાય. એસ.પી. એમ.આર.દેસાઈ, પી.વી. રાજગોર, પી.પી.ભરતીયા, ડૉ. પી.એલ. દેસાઈ તેમજ રમેશભાઈ વાયબ્રન્ટ હાજર રહેલ.

આ પ્રસંગે ડીસા શહેર દક્ષિણ પોલીસ સ્ટેશનના પી.આઈ. કે.ડી.નકુમ હાજર રહી ગોપાલ સેના તેમજ સમાજને પ્રોત્સાહન મંતવ્ય રજુ કરેલ. તેમજ પરીવારનો આભાર વ્યક્ત કરેલ. તેમજ આ કાર્યક્રમને સફળ બનાવનાર તમામ રક્તદાતાઓ, સામાજીક અગ્રણીઓ તેમજ ગોપાલ સેનાના તમામ કાર્યકર મિત્રોની અમરતભાઈ દેસાઈ (બાઈવાડા) પ્રમુખ યુવા કોંગ્રેસ હૃદય પૂર્વક આભાર વ્યક્ત કરેલ અને આ રક્તદાન સતત પાંચ દિવસ સુધી ચાલુ રહેવાનો હોઈ મોટી સંખ્યામાં રક્તદાન કરવા હાંકલ કરેલ.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેકટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન